દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
ગુરુવાર ૧ જાન્યુઆરી, ૨૦૨૬

ખનીજમાફિયાઓએ ગુજરાતમાં પણ અરવલ્લી પર્વતમાળા ખોદી નાખી છે, સરકાર અટકાવે તે જરૂરી

ખનિજ માફિયાઓએ ગુજરાતના પર્યાવરણની કરોડરજ્જુ મનાતી અરવલ્લી પર્વતમાળાને ખોદી નાખી છે. અરવલ્લી પર્વતમાળા માટે ક્યાંક સરકાર દ્વારા ખનીજ ખનન માટે મંજૂરી આપી દેવામાં આવી છે તો ક્યાંક પરવાનગી વિનાજ ખનીજખનન કરવામાં આવી રહ્યું છે. મોટાભાગે એવું મનાતું હતું કે, રાજસ્થાનમાં અરવલ્લી પર્વતમાળામાં મોટાપાયે ખોદકામ ચાલી રહ્યું છે પરંતુ હકીકત એ છે કે ગુજરાતમાં પણ અરવલ્લી પર્વતમાળામાં મોટાપાયે ખોદકામ ચાલી રહ્યું છે અને ગુજરાત સરકાર હજુ પણ ઉંઘે છે. સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો છે કે અરવલ્લી પર્વતમાળામાં ખનીજ માટેના ખોદકામ માટે નવી કોઈ જ મંજૂરી આપવામાં આવે નહીં પરંતુ સુપ્રીમના ચુકાદાને પણ ખનીજમાફિયાઓ ઘોળીને પી ગયા છે. જે જે રાજ્યોમાંથી અરવલ્લી પર્વતમાળા પસાર થાય છે તે તે રાજ્યોના લોકોને એ ખબર જ નથી કે તેનું મહત્વ શું છે. અરવલ્લી પર્વતમાળા ઉત્તર-પશ્ચિમ ભારતમાં આવી છે અને દક્ષિણ-પશ્ચિમ દિશામાં આશરે 670 કિમી (420 માઇલ) લાંબી છે, જે દિલ્હી નજીકથી શરૂ થાય છે , દક્ષિણ હરિયાણા અને રાજસ્થાનમાંથી પસાર થાય છે અને અમદાવાદ, ગુજરાત ખાતે સમાપ્ત થાય છે . અ પર્વતમાળાનું સૌથી ઊંચું શિખર રાજસ્થાનના માઉન્ટ આબુમાં ગુરુ શિખર છે જે 1,722 મીટર (5,650 ફૂટ) ઊંચું છે. અરવલ્લી પર્વતમાળા ભારતનો સૌથી જૂનો ગડી-પર્વત પટ્ટો છે, જે પેલિયોપ્રોટેરોઝોઇક યુગનો છે. અરવલ્લી પર્વતમાળા રણને રોકતી એક કુદરતી દિવાલ છે. અરવલ્લી ઉત્તર તથા પૂર્વ ભારતને થાર રણના વિસ્તરણથી બચાવે છે. આ પર્વતમાળા ગરમ પવનની તીવ્રતા ઘટાડીને જમીનને બેરણ બનતાં અટકાવે છે. અરવલ્લી પર્વતમાળા વરસાદી પાણીને જમીનમાં ઉતારી ભૂગર્ભ જળ રીચાર્જ કરે છે અને અનેક નદીઓ, તળાવો, બોર તેમજ કૂવા અરવલ્લી પર આધારિત છે. અરવલ્લી પર્વતમાળામાં લાખો વૃક્ષો, વનસ્પતિઓ, પક્ષીઓ અને વન્ય જીવોનો વસવાટ છે અને આજ તેમનું કુદરતી નિવાસ અને પ્રજનનક્ષેત્ર ગણાય છે. અરવલ્લીની પર્વતમાળા તાપમાન નિયંત્રિત રાખે છે, ગરમ પવનોને રોકે છે અને ચોમાસાને સહારો આપે છે. અરવલ્લી પર્વતમાળાના કારણે માટીનું ધોવાણ ઓછું થાય છે. જમીનની ઉર્વતા જળવાય છે અને ખેતી ઉપર સકારાત્મક અસર પડે છે. અરવલ્લીની પર્વતમાળા પ્રાચીન સંસ્કૃતિઓની સાક્ષી છે, કિલ્લાઓ, મંદિરો, લોકજીવન અને પરંપરાઓ આ પર્વતમાળા સાથે જોડાયેલી છે. વન ઉત્પાદન, પશુપાલન, ઈકો ટુરીઝમ તેમજ સ્થાનિક રોજગાર માટે અરવલ્લીની પર્વતમાળા આધાર સ્તંભ માનવામાં આવે છે. પૂર, ઘૂળ, આંધી, હિટવેવ, જમીનનો ક્ષય જેવા જોખમોનું પ્રમાણ ઘટાડવામાં અરવલ્લી પર્વતમાળા મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. અરવલ્લી પર્વતમાળામાંથી અનેક નદીઓ શરૂ થાય છે. જો આ પર્વતમાળા નહીં રહે તો પર્યાવરણને ભારે નુકસાન થાય તેમ છે છતાં પણ સરકારો ખનીજમાફિયાઓ સાથે ભળી ગઈ છે. રાજસ્થાનમાં તો મોટા પ્રમાણમાં અરવલ્લી પર્વતમાળામાં ખોદકામ થાય જ છે અને અનેક ડુંગરો ગાયબ થઈ ગયા છે પરંતુ ગુજરાતમાં પણ આવી જ સ્થિતિ છે. ગુજરાતમાં પણ ખનીજમાફિયાઓ અને સરકારી અધિકારીઓએ મળી જઈને અરવલ્લી પર્વતમાળાની હાલત ખરાબ કરી નાખી છે. ડુંગરોની ઉપર જેસીબી મશીન ચડાવીને ખોદકામ કરવામાં આવે છે. જેને કારણે આખી ધરતીમાં કંપન અનુભવાય છે. જ્યાંથી ખનીજ મળે ત્યાં ખોદકામ થવાને કારણે કેટલાક ડુંગરો વચ્ચેથી કપાઈ ગયા છે. માત્ર એટલું જ નહીં ગુજરાતમાં અંબાજીથી શરૂ કરીને માઉન્ટ આબુ સુધીના રસ્તાઓને પણ ખનીજ માફિયાઓએ વાહનો માટે નકામા કરી દીધા છે. અરવલ્લી પર્વતમાળા મામલે મોટો વિવાદ થયા બાદ ગુજરાતમાં આ પર્વતમાળાનું ખનન અટકાવવામાં આવશે તેવી જાહેરાતો કરવામાં આવી છે પરંતુ ખનીજમાફિયાઓ બેફામ પણે આજે પણ અરવલ્લી પર્વતમાળાને ખોદી રહ્યા છે અને તંત્ર હાથ પર હાથ ધરીને બેસી રહ્યું છે. જે રીતે અરવલ્લી પર્વતમાળાની ઉપયોગિતા છે તે જોતાં સુપ્રીમ કોર્ટે તો ખનન પર બ્રેક મારી છે પરંતુ સરકારી અધિકારીઓની મિલીભગતમાં ચાલી રહેલા ખનન પર સરકારે પણ ધ્યાન રાખવાની જરૂરીયાત છે. ગુજરાત સરકારે ઉત્તર ગુજરાતમાં અરવલ્લી પર્વતમાળા પર ખાસ ધ્યાન આપવાની જરૂરીયાત છે. જો સરકાર ઉંઘતી રહેશે તો ગુજરાતમાં અરવલ્લી પર્વતમાળા નામશેષ થઈ જશે તે નક્કી છે.

બે ગુલામની પરીક્ષા

એક રાજાને પોતાના ખાસ દાસ તરીકે બે નવા આવેલા ગુલામમાંથી પસંદગી કરવાની હતી. કોને પોતાનો ખાસ દાસ બનવવો તે નક્કી કરવા માટે રાજાએ બંનેને મળવાનું નક્કી કર્યું. એક ગુલામ દેખાવમાં એકદમ સુંદર હતો અને બીજો ગુલામ દેખાવે એકદમ કદરૂપો હતો. સૌથી પહેલા દેખાવમાં સુંદર ગુલામ રાજા પાસે આવ્યો. ખૂબ જ સરસ રીતે તૈયાર થઈને આવેલો તે ગુલામ અને ખૂબ જ મૃદુભાષી હતો એકદમ ધીમેથી ખૂબ જ વિનમ્રતાથી તેણે રાજા સાથે વાત કરી રાજાને લાગ્યું કે આ સુંદર છે દેખાવમાં અને વળી બુદ્ધિમાન અને બોલવામાં પણ વિનયવાળો છે. હવે બીજા ગુલાબનો વારો આવ્યો, ગુલામ દેખાવમાં એકદમ કદરૂપો હતો. રાજાને તેનો દેખાવ ન ગમ્યો પણ રાજાએ વિચાર્યું કે માત્ર દેખાવ પરથી નિર્ણય ન લેવાય લાવ મને તેની પરીક્ષા લેવા દે. રાજાએ કદરૂપા ગુલામને કહ્યું, 'હમણાં તારી પહેલા જે ગુલામ આવ્યો હતો તેણે તારી બહુ જ આલોચના કરી, તારા બધા અવગુણો મને ગણાવ્યા, તારી ખામીઓ મને કહી અને મને લાગે છે કે

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

જો એ બધી ખામીઓ તારામાં હોય તો હું તને ગુલામ તરીકે રાજમહેલમાં નહીં રાખી શકું. ગુલામ બોલ્યો, 'રાજાજી જેવી તમારી મરજી, જો તેણે કંઈક કહ્યું હશે તો મારામાં કોઈ દોષ કે ખામીઓ હશે કારણ કે આપણને આપણા દોષ ન દેખાય પણ સામેવાળાને આપણા દોષ દેખાય શકે અને તેને મારામાં અચૂક કંઈક કમી લાગી હશે એજ એણે તમને જણાવી હશે.' રાજાએ તેને કહ્યું, 'એ ગુલામની ખામીઓ તું મને જણાવ.' કદરૂપો ગુલામ એક જ વાક્ય બોલ્યો, 'રાજાજી, હું તો બધામાં સારું જોઈ શકું તો ગોતીને જોઉં છું બાકી કોઈની ખામીઓ પર ધ્યાન આપતો જ નથી એટલે મારા માટે તો તે બહુ જ સારો અને સાચો માણસ છે વધુ કંઈ નહીં કહું.' રાજાએ તેને બહાર મોકલી દીધો પછી રાજા વિચાર્યું હવે પેલા સુંદર ગુલામની પરીક્ષા લેવી જોઈએ. તેમણે સુંદર ગુલામને ફરી અંદર બોલાવ્યો. ફરી રાજાએ બોલાવ્યો એટલે તેને અભિમાન આવ્યું કે મને જ રાજા પોતાનો ખાસ દાસ બનાવશે. તેણે રાજાને જઈને નમન કર્યા. રાજાએ કહ્યું, 'હમણાં જે ગુલામ આવ્યો હતો તેણે તારા વિશે બહુ જ કઠોર શબ્દ કહ્યા, તારી બધી ખામીઓ ગણાવી અને તારામાં જો આટલી બધી ખામી હોય તો તને આ રાજમહેલમાં કામ મળી શકશે નહીં.' આ સાંભળીને જ સુંદર ગુલામે પિત્તો ગુમાવ્યો, તેનો ક્રોધ બહાર આવ્યો તેનું સાચું સ્વરૂપ દેખાયું તે અપશબ્દ બોલવા લાગ્યો. અત્યાર સુધી દેખાડેલી નમ્રતા અને મૃદુભાષીનું મહોરું તેણે પહેરી રાખ્યું હતું તે ઉતરી ગયું.' રાજાએ સુંદરતા નહીં પણ ચરિત્ર જોઇને રાજાએ પોતાના ખાસ દાસ તરીકે કદરૂપા ગુલામને પસંદ કર્યો.

એ અકસ્માત કે દુર્ઘટના નહીં, બેદરકારી છે

ફીર દેખો ચારોં

બીરેન કોઠારી

કોઈ દુર્ઘટના એકાદ વાર બને તો એને અકસ્માત કહી શકાય, પણ એકની એક પ્રકારની દુર્ઘટના વારેવારે થયા કરતી હોય તો એને બેદરકારી, ઉપેક્ષા, અવગણના, જડતા કે એવું બીજું જે કહેવું હોય એ કહી શકાય.

2025ની વીસમી ડિસેમ્બરે આસામમાં વધુ એક વાર આ દુર્ઘટનાનું પુનરાવર્તન થયું. મિઝોરમના સૈરાંગ સ્ટેશનથી દિલ્હી તરફ જઈ રહેલી રાજધાની એક્સપ્રેસના પાંચ ડબ્બા અને એન્જિન, ગુવાહાટીથી સવાસો કિ.મી.ના અંતરે વનવિસ્તારમાં પાટા પરથી ઊથલી પડ્યાં. સદ્ભાગ્યે કોઈ મુસાફરને ઈજા થઈ નહીં. પણ દુર્ઘટના આ નથી. દુર્ઘટના એ છે કે રાતના આશરે બે વાગ્યાની આસપાસ આ ટ્રેનના ડ્રાઈવરે હાથીઓનાં ટોળાંને પાટાની આસપાસ જોયાં. તેણે ઈમર્જન્સી બ્રેક લગાવી. છતાં હાથીઓ એન્જિન સાથે ટકરાયા. અમુક બચ્ચાં અને એક સગર્ભા હાથણી સહિત સાત હાથીઓ મોતને ભેટ્યાં. હાથીઓ સાથેની ટક્કરને કારણે એન્જિન અને થોડા ડબ્બા ઊથલી પડ્યા.

ટ્રેન સાથે હાથીઓની ટક્કર અને તેને લઈને થતાં મોતનો આ પહેલવહેલો કિસ્સો નથી. છેલ્લો પણ નહીં હોય. બલકે આમ ન થતું રહે તો જ નવાઈ ગણાશે. આસામમાં હાથીઓની વસતિ દેશમાં દ્વિતીય ક્રમે છે અને 2024માં રાજ્ય સરકારના આંકડા અનુસાર કુલ 5828 હાથીઓ હતા. ખોરાક, પાણી અને આવાસની જરૂરિયાત મુજબ હાથી એક દિવસમાં ઓછામાં ઓછા પચીસ અને વધુમાં વધુ 195 કિ.મી. જેટલો પ્રવાસ કરે છે. હાથીઓ મોટે ભાગે ટોળામાં ફરે છે અને જે મુખ્ય વિસ્તારોમાં તેમની આવનજાવન રહેતી હોય એવા વિસ્તારો 'એલિફન્ટ કોરીડોર' તરીકે ઓળખાય છે. દેશના ઈશાન ખૂણે આવેલાં આ રાજ્યોમાં હવે વિકાસ થઈ રહ્યો છે, જેમાં ખનન, ઉદ્યોગ સહિત અનેકવિધ વિકાસકાર્યોને મંજૂરી આપવામાં આવી છે. આવા પ્રકલ્પોને મંજૂરી આપતાં અગાઉ કાનૂની જરૂરિયાત અનુસાર પર્યાવરણ પર થનારી તેની અસરો અને તેના ઉપાયો બાબતે અભ્યાસ થાય છે ખરા, પણ એક વાર કામ આરંભાઈ જાય પછી જે થવાનું હોય એ થઈને જ રહે છે.

જેમ કે, હાથીઓના આ કિસ્સે એવું બન્યું કે સો જેટલા હાથીઓ પાટા ઓળંગવાનો પ્રયાસ કરી રહ્યા હતા. સ્થાનિકોના જણાવ્યા અનુસાર અગાઉની જેમ જ આ કિસ્સો પણ બેદરકારીનો જ છે. એ વિસ્તારની એક મહિલા ખેડૂત સીનુ મોની દેવરીનું ઘર પાટાથી સોએક મીટરના અંતરે છે. તેમના જણાવ્યા અનુસાર રાતના સાડા દસની આસપાસ સ્થાનિક ગ્રામ પંચાયતે તેને એસ.એમ.એસ. દ્વારા જાણ કરેલી કે દોઢસોએક હાથીઓનું ટોળું એ વિસ્તારમાં ફરી રહ્યું છે. ડાંગરની લણણીની મોસમ શરૂ થતાં હાથીઓ ગામ તરફ આવતા હોય છે, પણ ખાસ નુકસાન કરતા નથી. પણ એ ખેતરમાં ઘૂસી ન જાય એટલા સારું ગામલોકો તેમના પર નજર રાખતા હોય છે. સીનુએ એટલા માટે બે તાપણાં સળગાવી રાખેલાં. રાતના બેની આસપાસ ટોળું પાટાની નજીક જવા લાગ્યું એટલે કેટલાંક ગ્રામજનો તેમની પાછળ ગયાં, કેમ કે, તેમને ખ્યાલ હતો કે હવે રાજધાની એક્સપ્રેસના પસાર થવાનો સમય નજીક છે. પણ આખરે જેનો ડર હતો એ થઈને જ રહ્યું.

રેલવે વિભાગના પ્રવક્તાના જણાવ્યા અનુસાર અકસ્માત થયો એ સ્થળ નિર્ધારિત એલિફન્ટ કોરીડોર નથી. આ વિસ્તારના એક વરિષ્ઠ પત્રકારનું કહેવું છે કે આ હાથીઓ મિકિર બામુની નામના વિસ્તારમાંથી આવતા હતા, જે એક નિર્ધારિત કોરીડોર છે. હવે એ કોરીડોરને વિશાળ સૌર પાર્કમાં વિભાજીત કરી દેવાયો છે. લણણીની મોસમમાં હાથીઓ જે માર્ગે આવનજાવન કરે છે ત્યાં પુષ્કળ દબાણો છે, જમીનોના હેતુફેર, ખનનપ્રવૃત્તિઓ વગેરે ચાલી રહ્યાં છે. આથી હાથીઓએ પોતાના ખોરાક માટે માર્ગ બદલીને પાટા ઓળંગવા પડે છે.

રેલવે વિભાગના પ્રવક્તા ભલે કહે કે આ વિસ્તાર નિર્ધારિત એલિફન્ટ કોરીડોર નથી, પણ પર્યાવરણ મંત્રાલય, આસામ રાજ્ય વનવિભાગ, ભારતીય રેલવે તેમજ વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા 2023 અને 2024 દરમિયાન સંયુક્તપણે હાથ ધરાયેલું સર્વેક્ષણ કંઈક અલગ દર્શાવે છે. એ મુજબ આ રાજ્યનું વિશાળ રેલવે નેટવર્ક અનેક ઠેકાણે વન્ય જીવોના આવાસસ્થાન તેમજ એલિફન્ટ કોરીડોરમાંથી પસાર થાય છે. પરિણામસ્વરૂપ આ વિસ્તારમાં થતાં હાથીઓનાં અકુદરતી મૃત્યુના કારણમાં તેમની ટ્રેન સાથેની ટક્કર દ્વિતીય ક્રમે આવે છે. 1990થી 2018ના 28 વર્ષ દરમિયાન કુલ 115 હાથી મૃત્યુ પામ્યાં હતાં, જ્યારે જાન્યુ.2017થી માર્ચ, 2023ના ફક્ત છ વર્ષના ટૂંકા ગાળા દરમિયાન કુલ 33 હાથીઓ મૃત્યુ પામ્યાં છે. એમાંય નોર્થઈસ્ટ ફ્રન્ટીઅર રેલવે (એન.એફ.આર.) ક્ષેત્રમાં 2014થી 2022 દરમિયાન મૃત્યુ પામેલાં હાથીઓનો આંકડો સૌથી વધુ, 65નો છે.

આનો અર્થ સાફ છે. રેલવેના પાટાની દિશા કંઈ બદલાવાની નથી, બલકે એનો વિસ્તાર હજી વધતો જશે. હાથીઓની આવનજાવનનો માર્ગ અવરોધાતો રહેશે, કેમ કે, વનવિસ્તારમાં ઉદ્યોગો પણ વધતા રહેવાના. દબાણો અને ખેતી માટે જમીનનો હેતુફેર આ વિસ્તારને ઓર સંકોચી નાખશે. આ કારણે હાથી અને માનવ વચ્ચેની અથડામણની ઘટનાઓ હજી વધતી રહેશે, કેમ કે, શરૂ થયેલા વિકાસની આ ગાડીને રિવર્સ ગિયર નથી હોતો. આમાં ક્યારેક માનવ પણ મરી શકે અને મોટે ભાગે હાથીઓ. આપણે બસ, આવા સમાચારોથી ટેવાઈ જવું પડશે. કેમ કે, મૃત્યુનું દેખીતું કારણ અકસ્માત કહેવાશે, પણ હકીકતમાં એ બેદરકારી છે અને એ પણ ગુનાહિત, જેને હત્યાની સમકક્ષ મૂકવી પડે. એના આરોપી તરીકે આપણા સૌનું નામ મૂકાશે.

ટ્રેન સાથે હાથીઓની ટક્કર અને તેને લઈને થતાં મોતનો આ પહેલવહેલો કિસ્સો નથી. છેલ્લો પણ નહીં હોય. બલકે આમ ન થતું રહે તો જ નવાઈ ગણાશે. આસામમાં હાથીઓની વસતિ દેશમાં દ્વિતીય ક્રમે છે અને 2024માં રાજ્ય સરકારના આંકડા અનુસાર કુલ 5828 હાથીઓ હતા

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

આપણે વર્ષે દહાડે દોઢ લાખ કરોડનું ખાદ્યતેલ આયાત કરીએ છીએ, માન્યામાં આવે છે તમને?

ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ મુજબ આવનાર સમયમાં ચેપી રોગો નહીં પણ જીવનપદ્ધતિના રોગો માણસને વધુ ને વધુ પ્રમાણમાં મોતને ઘાટ ઊતારવા માટે જવાબદાર હશે. આ જીવનપદ્ધતિના રોગો એટલે આપણી ટેવોને કારણે જેમને કંકોતરી લખીને નિમંત્રણ આપીએ છીએ તેવા રોગો. જીવનપદ્ધતિમાં આ બદલાવને પરિણામે આપણે આપણી જિંદગીમાં તણાવ, અનિદ્રા, એસિડિટી, અપચો તેમજ ત્યાંથી આગળ વિસ્તરીને બ્લડપ્રેસર, ડાયાબિટીસ તેમજ લકવો જેવા રોગોનો સમાવેશ થાય. મુખ્યત્વે બેઠાડુ જીવનપદ્ધતિ, કસરતનો અભાવ તેમજ બીડી, તમાકુ, સિગરેટ, આલ્કોહોલ જેવાં વ્યસનો, ખાણીપીણીની ખોટી ટેવો વગેરે જીવનપદ્ધતિ આધારિત રોગો માટે કારણભૂત ગણી શકાય.

આજે ખોરાક અંગેની વાત કરવી છે. અગાઉની સરખામણીમાં આપણે વધુ ને વધુ પ્રમાણમાં તળેલા પદાર્થો ખાઈએ છીએ. તેને પરિણામે લોહીની નળીઓ બ્લોક થવી, ઉપરાંત બીજાં કેટલાંક પરિબળો સાથે ભળે ત્યારે યુવાન ઉંમરે હૃદયરોગનો શિકાર વધુ ને વધુ લોકો બનતાં જાય છે. તે પાછળનું એક કારણ વધુ ને વધુ તળેલા પદાર્થોનું સેવન આપણી જીવનપદ્ધતિમાં અપનાવ્યું છે તે છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારતમાં ખાદ્યતેલના વપરાશમાં ખૂબ મોટો વધારો થયો છે. માથાદીઠ વપરાશ બમણો અથવા તેથી પણ વધારે થયો હોવાનું જણાય છે. આમ થવાને પરિણામે ભારત ખાદ્યતેલની આયાત પર વર્ષે દોઢ લાખ કરોડ જેટલો ઊંચો ખર્ચ કરે છે. આ આયાતનિર્ભરતા કઈ રીતે ઘટાડવી અને ઘરેલું ઉત્પાદન કઈ રીતે વધારવું તે આજની તેમજ આવનાર સરકારો સામે શિરોવેદનારૂપ પ્રશ્ન બનશે એમાં કોઈ શંકા નથી. મૂળ પ્રશ્ન એ છે કે, ભારતમાં ખાદ્યતેલની માંગ ૨૦૦૦ની સાલમાં માત્ર ૧૦ કિલો પ્રતિવ્યક્તિ હતી તે છેલ્લાં ૨૫ વર્ષમાં બમણી કરતાં પણ વધુ થઈને ૨૦થી ૨૧ કિલો પ્રતિ વ્યક્તિ જેટલી વધી કેમ ગઈ?

જો કે ખાદ્ય તેલોના વૈશ્વિક વપરાશની સરેરાશ માથાદીઠ લગભગ ૨૮ કિલો પ્રતિ વ્યક્તિ, પ્રતિ વર્ષ છે એ જોતાં ભારતમાં હજુ પણ માથાદીઠ વપરાશ વૈશ્વિક સરેરાશ કરતાં નીચે છે, એમ કહી શકાય. આ માટેનું મુખ્ય કારણ જીવનપદ્ધતિ તેમજ ખોરાકની ટેવો, ઝડપથી બદલાતાં ગયાં તે છે તેમ કહેવું યોગ્ય ગણાશે. જો કે આમ થવાને કારણે આરોગ્યના પ્રશ્નો ઊભા થાય છે, જેને પરિણામે વ્યક્તિદીઠ આરોગ્ય તેમજ દવાઓ પાછળનો ખર્ચ પણ વધી રહ્યો છે તે વાત વિસારી શકાય નહીં.

આના કરતાં પણ વિશેષ ગંભીર બાબત તો એ છે કે, ફાફડા, દાળવડાં, ભજીયાં, સમોસા, કચોરી જેવી પ્રોડક્ટ એકના એક તેલમાં વારંવાર તળવામાં આવે છે, જેને કારણે ઑક્સિડાઈઝ થયેલું કાળું તેલ લોહીની નળીઓ ભરાઈ જાય એ પ્રકારનાં ખરાબ કોલેસ્ટેરોલ પેદા કરતી હોઈ, હૃદયરોગને નિમંત્રણ આપે છે. આમ તેલનો ઉપયોગ જ વધ્યો છે એટલું જ નહીં પણ બિનઆરોગ્યપ્રદ રસોઈ પદ્ધતિને કારણે વારંવાર તળવા માટે વપરાતું તેલ આરોગ્ય માટે પણ એટલું જ હાનિકારક બની રહે છે.

ભારતમાં ખાદ્યતેલની ખપતમાં આવક, ભૂગોળ અને ખોરાકની પદ્ધતિના આધારે વિવિધતા જોવા મળે છે પણ આખા દેશની સરેરાશ માથાદીઠ ૨૩ કિ.ગ્રામ પ્રતિ વ્યક્તિ, પ્રતિ વર્ષની મૂકી શકાય. આમ તો આ ખપત વૈશ્વિક સરેરાશ ૨૮ કિ.ગ્રામ પ્રતિ વર્ષ, પ્રતિ વ્યક્તિ કરતાં ઓછી છે પણ વારંવાર વપરાશમાં લેવાતું તેલ આરોગ્ય માટે હાનિકારક છે તે ઉપરાંત વર્ષેદહાડે દોઢ લાખ કરોડ જેટલું વિદેશી હૂંડિયામણ આપણે અત્યારે જોઈએ છે જે આવનાર વર્ષોમાં વધે તેવી પૂરી શક્યતાઓ છે. આ પરિસ્થિતિમાં ઉકેલ શો? મુખ્યત્વે ત્રણ મુદ્દે આ પરિસ્થિતિ સામે લડવાની અસરકારક વ્યૂહરચના ગોઠવવા માટે વિચારી શકાય.

એક, આયાત પરની ઊંચી નિર્ભરતા સીધી રીતે દેશ પાસે ઉપલબ્ધ વિદેશી હૂંડિયામણની અનામતો ઉપર ભારણ લાવે છે એટલે એ ઘટાડવી જોઈએ. આ માટે પામઑઇલ, તલનું તેલ, રાયડાનું તેલ તેમજ કોકોનટ ઑઇલ એટલે કે નાળિયેરનું તેલ - આ ચાર તેલોના ઉત્પાદનમાં વૃદ્ધિ થાય અને તેમાં પણ પામતેલનું ઉત્પાદન વધે તે માટે ભારત સરકારે રાષ્ટ્રીય ખાદ્યતેલ સંસ્થાનની સ્થાપના કરી વધુ ને વધુ ખેડૂતો તેલિબિયાંના પાક તરફ દોરાય તે માટે ઊંચી કક્ષાનું બિયારણ, ખાતર તેમજ આકર્ષક ભાવ તેમને મળી રહે તેવી નીતિ અખત્યાર કરવી સાચી દિશાનું પગલું છે.

બીજો મુદ્દો આપણે વ્યક્તિગત રીતે અમલમાં મૂકવાનો છે. તેલનો વધુ ઉપયોગ નુકસાનકારક છે અને વારંવાર ઉકળાતા તેલમાં તૈયાર કરેલાં ભજિયાં, ગોટા, ફાફડા વગેરે પદાર્થો ખાઈને આપણે લોહીમાં ખરાબ કોલેસ્ટેરોલ વધે અને તે થકી રક્તવાહિનીઓમાં બ્લોકેજ ઊભું થાય તે પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ કરીએ છીએ. દેશભક્તિની વાત બાજુ પર મૂકીએ પણ પોતાના ખુદના આરોગ્ય ખાતર તેલનો વપરાશ ઘટાડવો જોઈએ. ઈ.સ. ૨૦૦૦માં આ વપરાશ માથા દીઠ દસ કિલો હતો અને ઈ.સ. ૧૯૮૦માં માથાદીઠ પાંચ કિલો હતો. આપણે જો તેલના વપરાશમાં ૫૦ ટકા કાપ મૂકીએ અને અત્યારે માથાદીઠ ૨૦ કિ.ગ્રા. પ્રતિવ્યક્તિ પ્રતિ વર્ષ વપરાશને ઘટાડીને ૧૦ કિ.ગ્રામ. પ્રતિવ્યક્તિ પ્રતિ વર્ષ જેટલો કરી નાખીએ તો આયાત ઉપરની આધારિતતા લગભગ શૂન્ય થઈ જાય.

આમ, બે મોરચે આપણે આ પ્રશ્ન પર હુમલો કરવો જોઈએ. પહેલો, ખાદ્યતેલનો માથાદીઠ વપરાશ ઘટાડવો અને બીજો ખાદ્યતેલના ઉત્પાદન માટે જરૂરી એવાં તેલીબિયાંના ઉત્પાદનમાં વધારો થાય એ પ્રકારનાં સંશોધનો તેમજ સંસાધનોનો વિકાસ કરવો. આ બંને મોરચે એક સાથે કાર્યવાહી કરવાથી આગામી પાંચ વરસ દરમિયાન ભારત ખાદ્યતેલની આયાત ઉપરની નિર્ભરતા ઘટાડીને શૂન્ય કરવા માટે સરકાર તેમજ અન્ય સંસ્થાઓ દ્વારા સઘન ઝુંબેશ ચલાવવી જોઈએ. આમાં દેશનું હિત તો છે જ પણ સાથે સાથે વ્યક્તિગત સ્વાસ્થ્ય સુધરે એ હેતુ પણ રહેલો છે. જો આમ ન કરવામાં આવે અને ભારતની ખાદ્યતેલો માટે આયાત નિર્ભરતા વધતી જ જાય તો આવનાર સમયમાં વિદેશી હૂંડિયામણની જરૂરિયાત બે લાખ કરોડ કરતાં પણ વધી જાય તે આજના સંજોગોમાં દેશને પણ પોસાય તેમ નથી અને ખાદ્યતેલના ભાવમાં અસહ્ય વધારો થાય તે ગ્રાહકને પણ પોસાય તેમ નથી.

એક સમયે લાલબહાદુર શાસ્ત્રીએ એક ટંકનું ભોજન છોડી દેવા અને ચોખાનો ઉપયોગ અમુક સંખ્યા કરતાં વધુ સંખ્યામાં માણસોને જમાડવા માટે કોઈ પણ સ્વરૂપે નહીં કરવા અપીલ કરી હતી, તેના સંદર્ભમાં ભારતની જનતાએ સુંદર પ્રતિભાવ આપ્યો હતો અને આપણે અન્નસંકટમાંથી ઊગરી ગયાં. શું ભારતના પ્રધાનમંત્રી ખાદ્યતેલનો વપરાશ ઘટાડીને અડધો કરી નાખવા માટેની અપીલ ભારતની જનતાને ના કરી શકે? જો આવી અપીલ પ્રધાનમંત્રીશ્રી તરફથી કરવામાં આવે તો મને ચોક્કસ વિશ્વાસ છે કે, ધાર્યું પરિણામ મેળવી શકાય.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારતમાં ખાદ્યતેલના વપરાશમાં ખૂબ મોટો વધારો થયો છે. માથાદીઠ વપરાશ બમણો અથવા તેથી પણ વધારે થયો હોવાનું જણાય છે. આમ થવાને પરિણામે ભારત ખાદ્યતેલની આયાત પર વર્ષે દોઢ લાખ કરોડ જેટલો ઊંચો ખર્ચ કરે છે

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

વૃદ્ધાવસ્થા અને આપણે

એકના એક દિવસ પ્રત્યેક માનવી વૃદ્ધ થવાનો જ છે. યુવાની હંમેશ માટે કોઈની ટકતી નથી અને મૃત્યુ પણ અનિવાર્ય સત્ય છે જ, પણ ઘડપણ કઈ રીતે ગરિમાયુક્ત બને એ માનવીની માનસિકતા પર આધારિત છે. જૂની રૂઢિગત માન્યતા જે વિજ્ઞાનની વિરુદ્ધ હોય એને તિલાંજલી અવશ્ય અર્પણ કરવી. હવેની પેઢીને પરંપરાગત રૂઢિઓ કદાચિત માન્ય ન પણ હોય. વડીલ તરીકેનું માન-સન્માન સ્વયંનું જાળવવું હોય તો માંગ્યા વિના સલાહ ન જ આપો. આજની મોંઘવારીમાં બે વ્યક્તિ આર્થિક ઉપાર્જન કરે એ યથાયોગ્ય છે તો ખાસ કરીને શિક્ષિત પુત્રવધૂ હોય તો એને જોબ કરવાની છૂટ અવશ્ય પરિવાર દ્વારા પ્રાપ્ત થવી જોઈએ. બાળ ઉછેરમાં હવે ઘણો ફેરફાર આવ્યો છે. તો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અપનાવી મેડિકલ સાયન્સને માન આપીએ. આપણી તંદુરસ્તી આપણા જ હાથમાં છે. એ સૂત્ર યાદ રાખી શક્ય હોય એટલું સ્વાસ્થ્ય સાચવવું. કાયમી માંદગી અને ફરિયાદથી પરિવારજનો મનોમન જરૂર કંટાળે, ઉંમર થાય એટલે સ્વાસ્થ્યલક્ષી સમસ્યા તો થવાની જ. પણ ઈલાજ કરતાં અટકાવ સારો. એ ઉક્તિને અનુસરી પહેલેથી જ સચેત રહેવું. આજની અમુક ફેન્સી વાનગી ન ભાવતી હોય કે અનુકૂળ ન હોય તો નમ્રતાપૂર્વક વિરોધ દર્શાવવો જરૂરી. બે કે ત્રણ પેઢી વચ્ચે વૈચારિક ઘર્ષણ તો રહેવાનું જ પણ બંને પેઢીએ સમાધાનનો સેતુ રચવો. વડીલો પાસે અનુભવનું ભાથું છે અને યુવા પેઢી પાસે અવનવા વૈજ્ઞાનિક વિચારોથી સભર દૃષ્ટિકોણ છે. બંને પક્ષે એકમેકને સમજવા આવશ્યક જેથી પારિવારિક શાંતિ જળવાઈ રહે, વિભક્ત કુટુંબની નોબત ન આવે.

સુરત - નેહા શાહ

તારીખો પછી પણ તારીખ

આજે ભારતમાં ન્યાયની પહોંચ સરળ નથી. ના તો સમયની દૃષ્ટિએ કે ના તો ખર્ચની દૃષ્ટિએ. અદાલતોમાં પડતર કેસોનો પર્વત સતત ઊંચો થતો જઈ રહ્યો છે. ન્યાયમાં વિલંબ એ એક અદૃશ્ય સજા છે. અંગ્રેજી કહેવત છે કે ન્યાયમાં વિલંબ એટલે ન્યાયથી વંચિત રાખવા. આપણા દેશમાં સામાન્ય માણસના જીવનના સૌથી કિંમતી વર્ષોની કિંમત છે. ક્યારેક જામીનની રાહ જોવી, ક્યારેક તારીખો પછી તારીખ, મોઘોં ન્યાય ગરીબો માટે એક સ્વપ્ન અને શ્રીમંતો માટે સાધન બની ગયો. આજે કાનૂન લડાઈ લડવી એટલે ભારતીઓ માટે દેવું અને ચિંતા હતાં. આ કાયદો બધા માટે સમાન હોઇ શકે પણ વકીલો નથી. વકીલોની ફી પર કોઇ નિયંત્રણ નથી. આપણા પ્રધાન મંત્રી મોદીજીની ન્યાયની સરળતાની વાતનો સાચો અર્થ એક ન્યાય ફક્ત સુલભ જે નહીં પણ સસ્તો પણ હોવો જોઈએ. ન્યાય એ ફક્ત અદાલતોનો વિષય